વડીલોને વંદન અભિનંદન

મુળુભા જે. મકવાણા
(૧૯૩૮)ફોન: ૨૩૨૪૦૯૨૯

ગુજરાત કેબિનેટનું મહિનાના અંત સુધીમાં વિસ્તરણ કરાશે

પ્રધાન મંડળના વિસ્તરણમાં સૌરાષ્ટ્ર-કચ્છને પ્રતિનિધિત્વ મળે તેવી વકી : મોદીના નિવાસસ્થાન પર સમીક્ષા બેઠકો

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપ દ્વારા લોકસભા ૨૦૧૪ની ચૂંટણી પ્રચાર સમિતિની મુખ્ય જવાબદારી સોંપ્યા બાદ તેમણે ઘર આંગણેથી જ ગુજરાતની તમામ ૨૬ બેઠકોની સમીક્ષા શરૂ કરી દીધી છે. એટલું જ નહિ નરેન્દ્ર મોદીને રાષ્ટ્રીય સ્તરે મોટી અને મહત્વની જવાબદારી સોપ્યા બાદ ગુજરાતમાં હવે તેમનું ભારણ હળવું કરવાના પ્રયાસમાં પ્રધાનમંડળનું વિસ્તરણ કરી નવા ત્રણથી ચાર પ્રધાનો ઉમેરી બે નાયબ મુખ્યમંત્રીઓની પણ વરણી કરવાની દિશામાં જોરદાર કવાયત હાથ ધરવામાં આવી છે. ભાજપના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપના ગુજરાતના પ્રભારી ઓમ માથુરની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નિવાસ સ્થાને ગઈકાલે શુક્રવારથી શરૂ થયેલી ગુજરાત લોકસભાની તમામ ૨૬ બેઠકોના એનાલિસીસમાં પ્રથમ દિવસે સૌરાષ્ટ્ર-કચ્છ સહિત અમદાવાદ પૂર્વ અને પશ્ચિમની બેઠકોનું એનાલીસીસ કરવામાં આવ્યું હતું.

જયારે આજે દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતની બેઠકોની જાતા સ્થિતિનું વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ રીતે આ મહિના અંત સુધીમાં લોકસભાની તમામ ૨૬ બેઠકોનું વિશ્લેષણ, સંભવિત ચહેરાઓ, બેઠક દીઢ રણનીતિ, સ્થાનિક તથા રાષ્ટ્રીય પ્રશ્નો તથા ભાજપના મુખ્ય ચૂંટણી મુદ્દા અને નરેન્દ્ર મોદીની પ્રતિભા વગેરે તમામ મુદ્દાઓને વીણી લઈ લોકસભા ૨૦૧૪ ગુજરાતની વ્યવસ્થિત બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી દેવામાં આવશે જેમાં "વન બુથ ટેન યુથ" ની નામાવલીનો પણ સમાવેશ થઈ જશે. ગુજરાત આ પેટર્ન દેશના તમામ રાજ્યોમાં લાગુ કરવાની હોવાથી આગામી મહિનાથી તમામ રાજ્યોમાં આ રીતે રેલીઓ સહિતના અન્ય કાર્યક્રમો સાથે સમાંતર બેઠકો પણ યોજવાની યોજના ઘડી કાઢવામાં આવી છે. દરમિયાન નરેન્દ્ર મોદીની દિન પ્રતિદિન વધતી જતી રાજકીય વ્યસ્તતા વચ્ચે ગુજરાતના તમામ અધુરા કામો ઝડપભેર પુરા કરી લેવાની પણ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જેમાં ગુજરાત મંત્રી મંડળના વિસ્તરણમાં રાજકોટ, કચ્છ અને જુનાગઢ વગેરે સૌરાષ્ટ્ર જિલ્લાઓને પ્રતિનિધિત્વ અપાશે અને મુખ્યમંત્રીનું કાર્યભાર હળવું કરવા બે નાયબ મુખ્યમંત્રીઓની પણ વરણી કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવી રહ્યા છે. સૂત્રો દ્વારા એમ પણ જાણવા મળે છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી વચ્ચે વધતી જતી રાજકીય ખરાશ વચ્ચે લાલકૃષ્ણ અડવાણીએ ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી છે પરંતુ આ રાજકીય મતભેદો દૂર કરવા સંઘ અને ભાજપના અન્ય દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓએ ઘડી કાઢેલી ફોર્મ્યુલા મુજબ લાલકૃષ્ણ અડવાણીને ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડાવવામાં આવે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.



વરસાદ સારો થવાના પરિણામ સ્વરૂપે માલધારીઓ વતન પરત રવાના થયા છે.

વાસણામાં ચીકનગુનીયા કેસ કન્સ્ટ્રકશન સાઈટ સીલ થઈ

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરના ચાંદલોડીયા વિસ્તારમાં મેલેરીયાના મોટી સંખ્યામાં કેસ નોંધાતા હાહાકાર મચી ગયો હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત વાસણામાં ચીકનગુનીયાના કેસ મળતાં મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ ચોંકી ઉઠ્યું છે. મચ્છરો મખી આવતાં એક કન્સ્ટ્રકશન સાઈટ સીલ કરવામાં આવી છે. અમદાવાદમાં હાલમાં વરસાદની મોસમાં ભેજવાળું વાતાવરણ હોવાથી મચ્છરોની ઉત્પતી અને સંખઅયામાં નોંધપાત્ર વધારો થયો છે. મચ્છરો વધતાં મેલેરીયા, ફાલ્સીપારમ, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, ચીકનગુનીયાના કેસોમાં ભારે વધારો થયો હોવાની વિગતો જાણવા મળી છે. આજે ચાંદલોડીયામાં મેલેરીયાના કેસો મોટી સંખ્યામાં મળી આવતાં મ્યુનિ. આરોગ્ય વિભાગ ચોંકી ઉઠ્યું છે. મ્યુનિ. આરોગ્ય અધિકારી ડો. કુલકર્ણીનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું કે ત્યાં આરોગ્ય વિભાગની ટીમ અમે મોકલી છે પરંતુ કોઈ વધુ કેસ નથી.

જો કે બીજી બાજુ શહેરમા મેલેરીયા, ફાલ્સીપારમ, ડેન્ગ્યુ, ટાઈફોઈડ અને ચીકનગુનીયાના કેસોમાં વધારો થતાં ખાનગી દવાખાના અને હોસ્પીટલો દર્દીઓથી ઉભરાઈ રહી હોવાનું જાણવા મળે છે.

પશ્ચિમ ઝોનમાં વાસણા વોર્ડમાં સ્વામીનારાયણ પાર્ક-૧ની આસપાસ ચીકનગુનિયાના બે કેસ મળથા આસપાસની કન્સ્ટ્રકશન સાઈટની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ હાથ ધરતા તેની સામે આવેલા સ્વામીનારાયણ પાર્ક-૨ કન્સ્ટ્રકશન સાઈટ પરથી મચ્છરોનું બ્રીડીંગ મળ્યું છે.

વાયબ્રન્ટ સમિટના આયોજન માટે કોર અને એક્ઝીક્યુટીવ સમિતિઓની રચના

ગાંધીનગર, તા. ૨૦

રાજયમાં ઔદ્યોગિક મૂડીરોકાણ આકર્ષવા માટે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી વાયબ્રન્ટ ગુજરાત સમીટને મળેલી સફળતાઓને ધ્યાને રાખીને આગામી વર્ષ-૨૦૧૫માં પણ સાતમી વાયબ્રન્ટ સમીટ યોજવાનો નિર્ણય કર્યો છે. અને તેના આયોજન માટે અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

રાજ્ય સરકારે સાતમી વાયબ્રન્ટ સમીટના આયોજન માટે રાજયકક્ષાની કોર કમિટી એક્ઝીક્યુટીવ કમીટી અને સલાહકાર સમિતિની રચના કરી છે. રાજ્યના ખાણ અને ખનીજ મંત્રીના અધ્યક્ષપદે એક કોર કમીટીની રચના કરવામાં આવી છે. આ કમીટીમાં રાજ્યના મુખ્ય સચિવ ઉપરાંત સાત વિભાગોના અગ્રસચિવોનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કોર કમીટી વાયબ્રન્ટ સમીટના માઈક્રો પ્લાનીંગ માટે માર્ગદર્શન આપશે તેમજ નીતિ વિષયક નિર્ણયો લઈને એક્ઝીક્યુટીવ કમીટીને દિશા નિર્દેશ આપશે.

જ્યારે ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવના અધ્યક્ષપદે રચવામાં આવેલી એક્ઝીક્યુટીવ કમીટી આગામી સમીટના આયોજન માટે સેમીનાર, પ્રદર્શનો અંગે ચર્ચા વિચારણા કરીને કયા કયા ક્ષેત્રો પર સેમીનારો રાખવા કયા વિષયો રાખવા તેમજ કયા વિષયો પર પ્રદર્શનો ગોઠવવા એ અંગેનો નિર્ણય લઈને તેનું આયોજન કરશે. આ ઉપરાંત ખાણ અને ખનિજ વિભાગના અધ્યક્ષ પદે એક સલાહકાર સમિતિની પણ રચના કરવામાં આવી છે. આ કમીટી ખાનગી ક્ષેત્રોમાંથી એક્ષપર્ટોને બોલાવશે. તેમજ સમીટમાં વિવિધ દેશોમાંથી ઉદ્યોગકારોને આકર્ષીને આ સમીટમાં સહયોગી બનાવવા માટેના પ્રયાસો કરવા માટે સલાહ સૂચનો કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત જાન્યુઆરી-૨૦૧૩માં યોજવામાં આવેલી ૬ઠ્ઠી વાયબ્રન્ટ સમીટનો હેતુ ઔદ્યોગિક મૂડીરોકાણનો બદલીને રાજ્ય સરકારે માત્ર નોલેજ સેરીંગનો જ રાખ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે રાજ્ય સરકારે આગામી જાન્યુઆરી-૨૦૧૫માં યોજાનારી વાયબ્રન્ટ સમીટને ભવ્યતાથી ભવ્ય રીતે ઉજવવાનું નક્કી કર્યું છે. અને સૌથી વધુ ઔદ્યોગિક મૂડીરોકાણ અને નોલેજ સેટીંગ કરવા માટેનો વ્યુહ અપનાવ્યો હોઈ મહાત્મા મંદિર ખાતે આગામી વાયબ્રન્ટ સમીટના આયોજન માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આગામી વાયબ્રન્ટ સમીટની તૈયારી માટે અને તેના પ્રચાર માટે ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫ના હોર્ડીંગ્સ અને પોસ્ટરો તૈયાર કરાવીને સચિવાલયમાં તેમજ અન્ય સ્થળોએ લગાવીને પ્રચાર પ્રસારની કામગીરી શરૂ કરી દીધી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ એક્ઝીક્યુટીવ કમીટીની પ્રથમ બેઠક આગામી ઓગષ્ટ માસના બીજા સપ્તાહમાં મળનાર છે.

રાજ્યના ૭ તાલુકામાં એક ઈંચ વરસાદથી વધુ વરસાદ નોંધાયો

વરસાદી માહોલ હજુય યથાવત : અમદાવાદના કેટલાક વિસ્તારમાં ૧-૨ ઝાપટા પડવાની આગાહી કરવામાંઆવી

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં વરસાદની ગતિ મંદ પડી છે. સુરત જિલ્લાના ઉમરપાડામાં ૬૬ મીમી એટલે કે બે ઈંચથી વધુ વરસાદ થયો છે. જ્યારે ભરૂચમાં ૪૪ મીમી અને સુરત જિલ્લામાં માંગરોળમાં ૪૪ મીમી એટકે કે બે ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તરફથી આજરોજ સવારે ૭-૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન અંકલેશ્વર ૨૫ મીમી, હાંસોટ ૨૧ મીમી, ઝઘડીયા ૨૫ મીમી, ડેડીયાપાડા ૨૪ મીમી, તિલકવાડા ૨૫ મીમી કપરાડા ૨૪ મીમી અને ડાંગમાં ૨૯ મીમી વરસાદ વરસ્યો છે.

રાજ્યના ૧૪ તાલુકાઓમાં અર્ધા ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. કચ્છ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં વરસાદ વરસ્યો નથી. ચોમાસું-૨૦૧૩ દરમિયાન તા. ૨૦-૭-૧૩ અંતિત મોસમનો સરેરાશ કુલ વરસાદ ૪૪૧ મીમી થયો છે જે ૫૫.૨૬ ટકા જેટલો થવા જાય છે. હવામાન વિભાગની આગાહી છે કે રાજ્યના તમામ જીલ્લા, દીવ, દમણ, દાદરાનગર-હવેલીમાં વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના એકાદ-બે ઝાપટા પડી શકે છે.

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૩.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૧ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૮૯ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૭૨ ટકા નોંધાયું હતું.

દરખાસ્તને મંજુરી...

● છેલ્લા પાનાનું ચાલું

અવર-જવર વિશેષ રહેતી હોવાથી ટ્રાફીક પણ વધી જાય છે. જેના પરિણામે ક્રોસ રોડ્સ પાસે અકસ્માતનો ખતરો વધુ રહે છે. અત્યાર સુધી નાના-મોટા અનેક અકસ્માતો પણ સર્જાયા છે. આવા સંજોગોમાં મુખ્ય માર્ગ પર ટ્રાફીકનું ભારણ ઘટાડવા અગાઉ તંત્ર દ્વારા ઘ-૪ થી પથિકાશ્રમ વચ્ચે સર્વિસ રોડ બનાવવા દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી હતી. એક વર્ષના અંતે આ દરખાસ્ત સંદર્ભે વિભાગકક્ષાએ વિચારણા હાથ ધરી સર્વિસ રોડના કામને મંજુરી આપી દીધી છે. ટૂંક સમયમાં આ મામલે તંત્ર દ્વારા જરૂરી સર્વેની કામગીરી હાથ ધરાશે. ત્યારબાદ સર્વિસરોડના રૂટમાં જમીનના રૂટને મેળવવા પ્રક્રિયા હાથ ધરાશે. જેના અંતે સર્વિસરોડ બનાવવાનું કામ હાથ ધરાશે.

ગુજરાતનું ગૌરવ...

● છેલ્લા પાનાનું ચાલું

છે. પ્રોફેસર વીણાબેન પટેલે મીનીસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડીપાર્ટમેન્ટ (એમએચઆરડી)ના પાયલોટ રીસર્ચ પ્રોજેકટ પ્રોગ્રામ નીચે તૈયાર કરેલ તેના રીસર્ચ પેપરનું પ્રેઝેન્ટેશન આ કોન્ફરેન્સમાં રજુ કરેલ. આ ઉપરાંત તેઓ આ પ્રતિષ્ઠિત ઈવેન્ટના પ્રારંભિક સેસનમાં ચેર પર્સન તરીકેની ગૌરવભરી સેવા આપી યુનિવર્સિટી, પાટીદાર સમાજ તથા દેશનું ગૌરવ વધાર્યું છે.

તા.૨૪ થી તા. ૨૬ જુન ૨૦૧૩ દરમિયાન યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો ના હેડ ક્વાર્ટર, હાર્ટ હાઉસ, ટોરોન્ટો ખાતે આયોજિત કેનેડા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન એજયુકેશન (સીઆઈસીઈ-૧૩)નું આયોજન થયેલ હતું. ઈન્ટરનેશનલ એજયુકેશનલ કોન્ફરન્સમાં વિશ્વના વિવિધ દેશોના ૧૬૬ પ્રતિનિધિની હાજરી રહેલ. આ કોન્ફરન્સમાં પ્રોફેસર વીણાબેન પટેલે ભારત દેશના એજયુકેશનલ સેકટરમાંથી એક માત્ર પ્રતિનિધિત્વ કરેલ હતું. ઈન્ટરનેશનલ એજયુકેશનલ કોન્ફરન્સમાં પ્રોફેસર પટેલે તેમના 'એ કમ્પેરેટીવ એસેસમેન્ટ ઓફ ઓપન બુક એન્ડ ક્લોઝ બુક એકઝામિનેશન' રીસર્ચ પેપરનું અસરકારક રજૂઆત સાથે અને મુદ્દાસર પધ્ધતિસર પ્રેઝેન્ટેશન કરેલ. આ ઉપરાંત એકસપર્ટ અને રીવ્યુ કમિટીના સદસ્યોના પ્રશ્નોનું યોગ્ય સમાધાન પણ આપેલ. વિષયની પંસદગી તથા રજૂઆતને વિવિધ દેશોમાંથી આવેલ નિષ્ણાતોએ ભારોભાર પ્રસંશા કરેલ. પ્રોફેસર પટેલની આવી ગૌરવભરી વિદેશ યાત્રા અને મેળવેલ સિદ્ધિને ગાંધીનગર સમાચાર અને તેનો પરિવાર ગૌરવની લાગણી સાથે સૌ વતી અભિનંદન પાઠવે છે.

શ્રી રાજપૂત સમાજ સેકટર-૧૨, ગાંધીનગર.
વાર્ષિક સાધારણ સભા નોટીસ
આથી શ્રી રાજપૂત સમાજ સે.૧૨ ગાંધીનગરના આજીવન સભ્યોને જણાવવાનું કે સને ૨૦૧૨-૧૩ની વાર્ષિક સાધારણ સભા **તા.૨૮-૭-૨૦૧૩ને રવિવારના રોજ બપોરના ૨.૦૦ કલાકે શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર ખાતે** રાખેલ છે. તો તમામ આજીવન સભ્યોને અચુક હાજર રહેવા વિનંતી છે.
પ્રમુખ : શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
નિવિદા નં. ૨ સને ૨૦૧૩-૧૪
ટેન્ડર આઈ ડી - ૧૨૦૬૯૩
ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા (ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ) દ્વારા ઈ ટેન્ડર પદ્ધતિથી ૪ લાખ H2S sterilized vials "The procurement of Sterilized H2S vials for the Bacteriological Testing of the Drinking Water - NRDC"ની માન્યતા પ્રાપ્ત ઉત્પાદક પાસેથી ખરીદી કરવાની થાય છે. જેની અંદાજિત કિંમત રૂ. ૭૨ લાખ માટે ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર તથા કામને લગતી વિગતવાર વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.com તથા www.statetenders.com પરથી મેળવી / જોઈ શકાશે. ઓનલાઈન ટેન્ડરો તા. ૨૩-૭-૨૦૧૩થી ડાઉનલોડ કરી શકાશે તથા ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૧૩-૮-૨૦૧૩ છે. પ્રી બીડ તા. ૧-૮-૨૦૧૩ને ૧૨.૦૦ કલાકે નીચેના સરનામે રાખેલ છે. આ કામના ટેન્ડરો તા. ૨૧-૮-૨૦૧૩ના રોજ બપોરના ૧૨ કલાકે સંયુક્ત નિયામકશ્રી દ્વારા ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે ખોલવામાં આવશે. કામ અંગેની વધારાની વિગતો માટે ઉક્ત કચેરીએથી મળી શકશે. ફોન નં. : ૦૭૯૨૩૨૨૩૯૪૧-૪૭
માહિતી/૮૦૬/૧૩-૧૪

જાહેર નિવિદા
ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.
બ્લોક નં. ૧૮, ત્રીજો માળ, સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
ટે. નં. : (૦૭૯) ૨૩૨૪૮૫૧૩-૧૪,
ઇમેલ : finance.glpc@gmail.com
ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા અમલીકરણ કરવામાં આવતી જુદી જુદી યોજનાઓ તેમજ જિલ્લા / તાલુકા કક્ષાએ આ યોજનાઓનાં અમલીકરણ માટે કરવામાં આવતા ખર્ચના હિસાબો નિભાવવા માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનો હોઈ આવી કામગીરી કરતી એજન્સીઓ / ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસેથી સીલબંધ કવરમાં રજીસ્ટ્રર પોસ્ટ (આર.પી.એ.ડી.)થી ભાવપત્રકના ટેન્ડર અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર (નોન ટ્રાન્સફરેબલ) કોર્મ વિતરણ અને પાછી મેળવવાની વિગતો નીચે મુજબ છે.
(૧) ટેન્ડર મેળવવાનું સ્થળ : જનરલ મેનેજર (ફાઈનાન્સ), ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. (સરનામું ઉપર મુજબ) (૨) ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- (M.D.GLPC Ltd.)-ના ડીમાન્ડ ડ્રાફટ સ્વરૂપે નોન રિફન્ડેબલ) (૩) કોરા ટેન્ડર ફોર્મ આપવાની તા. ૨૦-૭-૨૦૧૩ થી તા. ૧૯-૮-૨૦૧૩ સુધી (૪) ટેન્ડર રજીસ્ટર એ.ડી.થી પરત કરવાની છેલ્લી તા. ૨૩-૮-૨૦૧૩ સમય ૧૬.૦૦ કલાક સુધી (૫) ટેકનીકલ બીડ કવર ખોલવાની તા. ૨૩-૮-૨૦૧૩ સમય ૧૬.૦૦ કલાક સુધી (૫) ટેકનીકલ બીડ કવર ખોલવાની તા. ૨૩-૮-૨૦૧૩ સમય ૧૭.૦૦ કલાકે.
મેનેજીંગ ડીરેક્ટર
ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.
ગાંધીનગર
માહિતી/૮૦૬/૧૩-૧૪

કોંગ્રેસ દ્વારા નવી દિલ્હી ખાતે બે દિવસીય મીડીયા વર્કશોપ

અમદાવાદ, તા.૨૦

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મીડિયા વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએતા. ૨૨ અને ૨૩ના રોજ દેશના તમામ રાજ્યના પ્રવક્તાઓની તાલીમ માટે મીડીયા બે દીવસીય વર્કશોપનું ગાંધી સ્મૃતિ હોલ, રાજઘાટ, નવી દિલ્હી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા બે દિવસીય મીડીયા વર્કશોપનું ઉદ્‌ઘાટન તા. ૨૨-૭-૧૩ના રોજ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી કરશે. આ બે દિવસના મીડીયા વર્કશોપના દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા પ્રવક્તાઓને સમૂહમાધ્યમોના નિષ્ણાંતો, ભારત સરકારના વરિષ્ઠ મંત્રીઓ અને કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય આગેવાનો માર્ગદર્શન માટે આ વર્કશોપમાં પધારશે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મીડિયા વિભાગ દ્વારા દિલ્હી ખાતે આયોજીત બે દિવસીય વર્કશોપમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશી, જયરાજસિંહ પરમાર, ચેતન રાવલ, હિમાંશુ વ્યાસ, અમીબેન યાજ્ઞિક, ડો. તેજશ્રીબેન પટેલ અને દિપક અમીન હાજર રહી તાલીમ મેળવશે.

સુરતના ડાયમંડ વેપારીને અંદાજે ૪૭ લાખનો ચૂનો

ડાયમંડ સીટી તરીકે જાણીતા એવા સુરત શહેર સિંગનપોર રોડે પર રહેતા વિશાલ ગોર્ધનભાઈ સુતરીયા, કે જે વરાછાના મીની હિરા બજારમાં હિરાનો વેપાર કરે છે. અઢી મહિના પહેલાં મૂળ ભાવનગરના ચાર વ્યક્તિએ હિરા ખરીદવાના બહાને અંદાજે ૭ લાખના ૨૪૬.૬૩ કેરેટનો માલ જોવા માટે લીધો હતો. ઉંચી કિંમતે વેચી આપવાનું કહીને વજન કરાવવાના બહાને તેઓ લઈ ગયા હતા. થોડા દિવસ બાદ હિરાના વેપારીને તે શખ્સોના કોઈપણ સમાચાર ન મળતા ચિંતામાં મુકાઈ ગયા હતા. ગઈકાલે હારીને તેમણે વરાછા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી થઈ હોવાની ફરીયાદ નોંધાવી હતી.

સોમવારે ઉમેદવારી...

● પહેલા પાનાનું ચાલું

ચૂંટણીની આડે ગણત્રીના કલાકો જ બાકી રહેતા દાવેદારો વચ્ચે રાજકીય કશ્મકશ જામી છે અને પ્રદેશ નેતાગીરી પણ પરિસ્થિતિ પર નજર રાખી રહેલ છે. મળતી વિગતો મુજબ ગઈ વખતે પ્રમુખની ચૂંટણી દરમ્યાન થયેલી ઘટનાઓનું પુનરાવર્તન ના થાય તે માટે પક્ષ આ વખતે છાશ ફૂંકી ફૂંકીને આગળ વધવા માંગે છે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હવે પછીના નવા પ્રમુખ માટે એક વર્ષની જ મુદત રાખવામાં આવે તેવી શક્યતાઓ છે. ગઈકાલે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે શ્રીમતિ ભીખીબેન ઠાકોરે રાજીનામુ આપી દીધા બાદ નવા પ્રમુખની ચૂંટણીમાં ગરમાવો આવવા પામ્યો છે.

પ્રમુખની ચૂંટણી થયા બાદ જિલ્લા કોંગ્રેસને ઉપપ્રમુખની ચૂંટણી તેમજ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિને લઈ જે વિવાદ ઉભો થયો છે તે ઉકેલવાની કવાયત હાથ ધરાશે તેમ મનાઈ રહ્યું છે.

જો કે કોંગ્રેસના આગેવાનો પક્ષમાં સંપૂર્ણ એકતા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ પાસે પંચાયતમાં ૨/૩ બહુમતિ છે. કોંગ્રેસ પક્ષ તરફથી પ્રદેશનીક્ષક તરીકે નિમાયેલા શૈલેષ પરમાર માટે પણ આ નવી પસંદગી એ રાજકીય કસોટી બની રહી છે.

કોંગ્રેસ પક્ષના સભ્યોના મન તેઓ રૂબરૂ મળી અને જાણી ગયા છે. આજે તેઓ આ મુદે જિલ્લાના નેતાઓ સાથે નિર્ણય પહેલાં મહત્વની બેઠક યોજે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર
શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી તારલાઓ તેમજ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરેલ મહાનુભાવોના સન્માન સમારંભના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તો ધો.૧ થી ૮માં ૮૦ ટકા થી વધુ ગુણ તેમજ ધો.૯ થી૧૨માં ૭૫ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા હોય તેવા તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ માર્કશીટની પ્રમાણિત નકલ શ્રી રાજપૂત સમાજ ભવન સે.૧૨ ખાતે ઓફિસ સમય દરમ્યાન તા.૫-૮-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.
પ્રમુખ : શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર.

પરિશિષ્ટ - ૧
જાહેર નિવિદા
કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે
મહેસુલ વિભાગ હસ્તકની જિલ્લા સેવા સદનના સેકટર-૧૧ ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવા (૧) કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) (૨) ડ્રાઈવર (૩) બોર ઓપરેટર (વર્ગ-૪) (૪) લીફટમેન (વર્ગ-૪) (૫) સિકયુરીટી ગાર્ડ (૬) વર્ગ - ૪ના સેવકો (પટાવાળા) સેવા સહિતની સમગ્રતયા કામગીરીની 'કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા' પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ટરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી. પો.એ.ડી.થી રૂબરૂમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ - અલગ કવરમાં મંગાવવામાં આવે છે.
કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્ફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક વચ્ચે તા. ૨૨-૭-૨૦૧૩ થી તા. ૩૧-૭-૨૦૧૩ ચિટનીશ શાખા / કચેરી ખાતેથી '૦૦૭૫' પરચુરણ સામાન્ય સેવાઓએ સદરે સરકારી તિજોરીમાં રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) જમા કરાવી અસલ ચલન અત્રેની કચેરીમાં રજૂ કરેથી રૂબરૂ મેળવી શકાશે.
કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈ પણ કારણો દર્શાવ્યા વિના રદ્દ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.
ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ કામનો પ્રકાર, જરૂરીયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.
આ કામ અંગે બ્રીબીડ મીટીંગ તા. ૧૨-૮-૨૦૧૩ના રોજ ૧૨.૦૦ કલાકે કલેક્ટર કચેરી, જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે રાખેલ છે.
પૂર્વલાયકાત અને ભાવપત્રકના અલગ ભરલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૮-૮-૨૦૧૩ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. ટેન્ડર સાથે અર્નેસ્ટ મની તરીકે રૂ. ૨૫,૦૦૦/-ની ડિપોઝીટ '૮૪૪૩ સીવીલ ડિપોઝીટ રેવન્યુ ડીપોઝીટ' સદરે જમા કરાવી અસલ ચલણ અત્રેની કચેરીમાં રજૂ કરવાનાં રહેશે. ભરીને પરત આવેલ ટેન્ડર પોર્મ તા. ૧૭-૮-૨૦૧૩ના રોજ ૧૬.૦૦ કલાકે નિવાસી અધિક કલેકટરની ચેમ્બરમાં ખોલવામાં આવશે.
સ્વાના કરવા પ્રમાણિત કર્યું. સહી/-
વિકટનીલ ડુ કલેક્ટર, કલેક્ટર, ગાંધીનગર
ગાંધીનગર
સ્થળ : ગાંધીનગર
તા. : ૧૯-૭-૨૦૧૩
માહિતી/૮૦૪/૧૩-૧૪

શબ્દાવલી - ૫૧૨૫



આડી ચાવી

૧. હિમાલયનું એક પ્રસિદ્ધ સ્થળ (